# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 23-03-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ કેન્દ્રીય ચૂંટણીપંચે લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે કરાવવા માટે બે હજાર 100 નિરિક્ષકોને ફરજ સોંપી.
- ✓ કેન્દ્રિય ચૂંટણી પંચે લોકસભાની ચુંટણીમાં મતદાન માટે મતદાર ફોટો ઓળખ કાર્ડ ઉપરાંત અન્ય 12 દસ્તાવેજો માન્ય રાખવાનો નિર્ણય લીધો છે.
- ✓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી 31 માર્ચ 2024ના રોજ ગુજકેટ પરીક્ષા યોજાશે.
- ✓ જૈન તીર્થધામ પાલિતાણામાં આજથી શેત્રુંજય તીર્થક્ષેત્ર ખાતે છ ગાઉની યાત્રાનો આરંભ.
- ✓ ભાવનગરનાં લાખણકા ગામે ઘઉંનું મશીન પલટી ખાતા ત્રણ મજૂરોના મોત નીપજયા છે.

## EC--POLL-PREPARATIONS

કેન્દ્રીય ચૂંટણીપંચે લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે કરાવવા માટે બે હજાર 100 નિરિક્ષકોને ફરજ સોંપી છે.

આ નિરિક્ષકો જીલ્લા ચૂંટણી અધિકારીઓ અને રિટર્નિંગ અધિકારીઓની કામગીરી ઉપર દેખરેખ રાખશે. જો કે, તેમની પ્રાથમિક ફરજ મતદાનની પ્રક્રિયા વખતે મતદારોને કોઇપણ પ્રકારના પ્રલોભનો અપાતા તેમજ ગેરરીતી રોકવાની રહેશે. તેમને મતદાન યંત્રોની કોઇ ચોક્કસ ક્રમ વિના ચકાસણીની પણ ફરજ સોંપાઇ છે.

મતદાન પ્રક્રિયા પારદર્શક બનાવવા સંબંધિત અધિકારીઓએ તેમને સોંપેલ સંસદીય મતવિસ્તારમાં ઉપસ્થિત રહેવું પડશે તેમજ વેબસાઇટ અને વિવિધ મંચો દ્વારા તેમનો સંપર્ક કરી શકાય એ બાબત સુનિશ્ચિત કરવી પડશે. આ નિરિક્ષકો મતદાન મથકોની મુલાકાત પણ લેશે તેમજ જરૂર પડે તો રાજકીય પક્ષોના પ્રતિનિધીઓ અને ચૂંટણી લડતાં ઉમેદવારો સાથે બેઠક પણ કરશે.

.................

## MATDAN PROOF

કેન્દ્રિય ચૂંટણી પંચે લોકસભાની ચુંટણીમાં મતદાન માટે મતદાર ફોટો ઓળખ કાર્ડ ઉપરાંત અન્ય 12 દસ્તાવેજો માન્ય રાખવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણય મુજબ મતદારની ઓળખ માટેના મતદાર ફોટો ઓળખકાર્ડની અવેજીમાં અન્ય 12 દસ્તાવેજો પણ ચૂંટણીપંચ દ્વારા માન્ય કરવામાં આવ્યા છે. જેમાં આધારકાર્ડ, જોબકાર્ડ, બેંક પાસબુક, ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઇંડિયન પાસપોર્ટ, સહીતના માન્ય દસ્તાવેજોનો  સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બિનનિવાસી ભારતીયએ જો મતદાર તરીકે નોંધણી કરેલી હોય તો તેઓએ મતદાન મથક પર ફક્ત અસલ પાસપોર્ટ રજૂ કરીને પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે.

ઉલ્લેખનીય છે કે, રાજયની લોકસભાની 26 બેઠકોની સામાન્ય ચૂંટણી તથા રાજયવિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી યોજાવાની છે.

.................

## ELECTION JAGRUTI ABHIYAN

લોકસભા ચૂંટણી 2024ની તારીખો જાહેર કરી દેવામાં આવી છે ત્યારે મતદારો તેમના કિંમતી મતનો ઉપયોગ કરી મતદાન કરે તે માટે વિવિધ જિલ્લાઓમાં જાગૃતી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

આ અંતર્ગત પાટણ જિલ્લામાં સાંતલપુર તાલુકાના ઉંદરગઢા અને બામરોલી ગામના ખેડૂતોને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખેડૂતો સાથે બેઠક કરી તમામને અવશ્ય મતદાન કરવા માટે સમજાવવામાં આવ્યું હતું.

બીજી તરફ રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ધોરાજીમાં યુનિયન બેંક ખાતે સેલ્ફી પોઇન્ટ ઊભું કરવામાં આવ્યું છે, જ્યાં મતદારો ઉત્સાહપૂર્વક સેલ્ફી લઇ ફોટો પડાવીને સોશિયલ મીડિયા પર મૂકી રહ્યાં છે. સેલ્ફી પોઇન્ટમાં #VoteForSure જેવા સૂત્રો સાથે મતદાન અંગે જાણકારી અપાઈ રહી છે.

આ સાથે રાજકોટ જિલ્લાની વિવિધ વિધાનસભા મતવિસ્તારમાં પ્રિસાઇડિંગ ઓફિસર, ફર્સ્ટ પોલિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર, મહિલા પોલિંગ ઓફિસર સહિત ૮ હજારથી વધુ પોલિંગ સ્ટાફની પણ નિમણૂક કરવામાં આવી છે.

.................

## GUJKAT- PATAN

ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની બોર્ડ પરીક્ષા બાદ 31 માર્ચ 2024 ના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટ પરીક્ષા યોજાશે.

જે અંતર્ગત પાટણ જિલ્લામાંથી કુલ 2,107 વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે. આ માટે પાટણ ખાતે કુલ 108 બ્લોકમાં ગુજકેટ પરીક્ષાની બેઠક વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે, તેમજ આ પરીક્ષા માટે 4 રૂટ ગોઠવવામાં આવ્યા છે.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકિના જણાવ્યા મુજબ પાટણ જિલ્લામાં ગુજકેટની પરીક્ષામાં ગુજરાતી માધ્યમમાં 1,815 વિદ્યાર્થીઓ, અંગ્રેજી માધ્યમમાં 291 અને હિન્દી માધ્યમમાં એક વિદ્યાર્થી મળી કુલ 2107 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જેમાં 1,195 વિદ્યાર્થીઓ અને 912 વિદ્યાર્થીનીઓનો સમાવેશ થાય છે. ગુજકેટની પરીક્ષામાં 'એ' ગ્રુપમાં 508 વિદ્યાર્થીઓ, 'બી' ગ્રુપમાં 1596 અને 'એ-બી' ગ્રુપમાં ત્રણ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

.................

## KOVIND VISITS GUJARAT

પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ગઈકાલે ગુજરાતની શુભેચ્છા મુલાકાત લીધી છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ તેમનું રાજભવનમાં ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. શ્રી કોવિંદ, તેમના પરિવાર સાથે ગુજરાતમાં પધાર્યા છે. ગઈકાલે સાંજે

ગાંધીનગર પધારેલા શ્રી કોવિંદ અને પરિવારજનોને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ઉષ્માપૂર્વક આવકાર્યા હતા.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ

newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો.

.................

## GREEN HEALTH SERVICE

બદલાતી ઋતુમાં ઘણા બધા લોકોને શરદી અને કફની તકલીફ જોવા મળી રહી છે અને બીજી તરફ અમુક જગ્યાએ હિટવેવથી લોકો વધુ ગરમી સહન ના થતાં બીમાર પડ્યાના કેસ જોવા મળી રહ્યા છે.

આવામાં હોળીના તહેવારમાં અમુક લોકોને રંગ અને ધૂળથી અથવા મોટા ઘોંઘાટથી તકલીફ ઊભી થાય તો તે માટે હોળી પર્વ નિમિત્તે મહીસાગર જિલ્લામાં EMRI Green Health Service ઈમરજન્સી એમ્બ્યુલન્સ હોળીના તહેવાર નિમિત્તે કાર્યરત રહેશે જેથી કોઇપણ આરોગ્યની ઇમરજન્સી સેવા પૂરી પાડી શકાય આ વિષે વધુ માહિતી આપતા મહીસાગર જિલ્લાના 108 EMRI Green Health Service સુપરવાઈઝર આ પ્રમાણે જણાવે છે.

બાઈટ :- 1 દ્રુષ્યંત પંડ્યા (108 સુપરવાઇઝર)

.................

## PALITANA YATRA

જૈન તીર્થધામ પાલિતાણામાં આજથી શેત્રુંજય તીર્થક્ષેત્રખાતે છ ગાઉની યાત્રાનો આરંભ થઈ રહ્યો છે.

પાલીતાણા તળેટીથી પ્રારંભ કરીને ગીરીરાજ પર્વત પર આદિશ્વર ભગવાનના દર્શન કરી ઉલ્લેખાજલ, ચંદન તલાવડી, ભાડવા ડુંગર પર રહેલ ચરણપાદુકાના દર્શન કરી આદપુર ગામે આવેલા સિધ્ધવડ ખાતે યાત્રા પૂર્ણ કરશે. સિદ્ધવડ ખાતે ભાવિકોને

ઢેબરા દહીં તેમજ સૂકા મેવા પીરસવામાં આવે છે જેથી ફાગણસુદ તેરસની આ છ ગાઉની યાત્રાને ઢેબરા તેરસ તરીકે પણ ઓળખવામાં આવે છે. જૈન બંધુઓ માટે આ યાત્રાનું ખૂબ મહત્વ રહેલું છે.

ભાવનગર જીલ્લા સહિત રાજયના અનેક જૈનબંધુઓ આ યાત્રાએ આવતા હોય છે. ભાવનગર એસટી વિભાગ દ્વારા વિશેષ ભાડા સાથે 40 જેટલી વધારાની બસો દોડાવાશે.

.................

## BHAVNAGAR ACCIDENT

ભાવનગરનાં ઘોઘા તાલુકાના લાખણકા ગામે ઘઉંનું મશીન પલટી ખાઈ નાળામાં ખાબકતા ત્રણ મજૂરોના મોત નીપજયા હતા.

ભાવનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે જિલ્લાના ઘોઘા તાલુકાના લાખણકા ગામે વાળુકડ તરફ જવાના રોડ પર ઘઉં કટીંગ કરવાનું મશીન લઈ અને ત્રણ મજૂરો જઈ રહ્યા હતા તે સમયે કોઈ અગમ્ય કારણસર ચાલકે કાબૂ ગુમાવતા ઘઉં કટીંગ નું મશીન નાળા પરથી નીચે ખાબક્યું હતું.

તેમાં રહેલા ત્રણ મજૂરો તેની નીચે દબાઈ જવાથી મોત નિપજ્યા હતા. ત્રણેય મજૂરો પરપ્રાંતિય હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસ દ્વારા તમામ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

.................

## HAJ YATRA

ગુજરાત રાજ્ય હજ સમિતિએ પસંદગી પામેલા હજયાત્રીઓ માટે બાકી રહેલા હજ નાણાં ભરવા માટેની અંતિમ તારીખ 28 માર્ચ સુધી લંબાવી છે.

હજ કમિટી ઓફ ઇન્ડિયાના પરિપત્ર મુજબ ડ્રોમાં પસંદગી પામેલા હજ યાત્રીઓ માટે હાજી દીઠ એક લાખ 70 હજાર રૂપિયા તથા વેઇટિંગમાં પસંદગી પામેલા હજ યાત્રીઓ માટે બે લાખ 51 હજાર રૂપિયા બેન્કમાં જમા કરાવવાની અંતિમ તારીખ અગાઉ 18 માર્ચ હતી જે હવે 28 માર્ચ સુધી લંબાવવામાં આવી છે.

હજ કમિટી ઓફ ઇન્ડિયાના ખાતામાં ઓનલાઈન કે ઓફલાઈન માધ્યમથી આ રકમ ભરી શકાશે.

.................

## MARCH ENDING

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ મોરબી દ્વારા માર્ચ એન્ડીંગની રજાઓ જાહેર કરવામાં આવી છે.

આજથી ૩૧મી માર્ચ સુધી યાર્ડમાં રજા રહેશે. મોરબીના અમારા પ્રતિનિધિ જણાવે છે કે જે જણસ માર્કેટ યાર્ડમાં છે તેની આજે હરાજી કરવામાં આવશે.

૩૧મી માર્ચે બપોરે ૪ કલાકથી આવક ફરી શરૂ કરવામાં આવશે અને ૦૧ એપ્રિલથી અનાજ વિભાગમાં રાબેતા મુજબ હરાજીનું કામકાજ શરૂ કરવામાં આવશે.

.................

## DANG DURBAR FAIR

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે હોળીના ચાર દિવસ પહેલા ડાંગ જિલ્લામાં ડાંગ દરબાર મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

ભાતિગળ સંસ્કૃતિને ઉજાગર કરતા આ મેળામાં લોકો મન ભરીને આનંદ માણી રહ્યા છે. ડાંગી આદિવાસીઓ માટે હોળીનો તહેવાર મુખ્ય ગણાય છે.

અમારા ડાંગના પ્રતિનિધિ જણાવે છે કે મેળામાં આદિવાસીઓની વર્ષો જૂની પંરપરા આજે પણ જીવંત જોવા મળી છે. આદિવાસી લોકો માતાજીનું મુખોટૂ પહેરી પાવરીના સુર તાલ સાથે નાચતા-ગાતા મેળામાં ફરતાં દેખાઈ છે. ડાંગી વાદ્યોના સૂર તાલે અને ડાંગી બોલીમાં ગીતો ગાતા નાચતા ધુમતા આદિવાસીઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

.................